# માતૃદિવસની શુભેચ્છા

# **સર્વશ્રેષ્ઠ સ્વયંસેવિકા**

## ~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

દર વર્ષે નોબેલ પુરસ્કાર કોણ જીતે છે?
અથવા એ પૂછવું વધારે ઉચિત છે કે
એ કોણ છે જેણે નોબેલ પુરસ્કાર *જીતવો જોઈએ*
પરંતુ જીતશે નહીં?

તો, સાચો જવાબ છે... એક *માતા.*

માતા હોવા માટે
નોબેલ પુરસ્કાર જીતવા ક્યારેય કોઈને નીમવામાં નહીં આવે,
જોકે એ વાતને નકારવી મુશ્કેલ છે કે
એક માતા, રાતદિવસ એ બધી આવશ્યકતાઓને પૂરી કરે છે
જેને આ પુરસ્કારના સંસ્થાપક દ્વારા નિર્ધારિત કરવામાં આવી છે.
નોબેલ પુરસ્કાર તેમને આપવામાં આવે છે
*"જેમણે સંપૂર્ણ માનવતાના*
*મહાનતમ લાભ માટે પોતાનું યોગદાન આપ્યું છે."*

એક માતાએ શું-શું કર્યું છે તેના પર કોઈ સંદેહ કેવી રીતે હોઈ શકે?
એક માતા શું *કરી શકે* છે તેના પર કોઈ સંદેહ કેવી રીતે હોઈ શકે?
એક માતાની પ્રચંડ ક્ષમતા પર
કોઈ સંદેહ કેવી રીતે હોઈ શકે?
સાચું કહીએ તો, એવું શું છે જે એક માતા *નથી કરી શકતી?*

પુખ્ત વયે લગભગ દરેક વ્યક્તિ એ વાત પર થોડું લજ્જિત મહસૂસ કરે છે
કે તેનાં બાળપણ અને યુવાનીમાં
તેના પ્રત્યે તેની માતાના અપાર પ્રેમના
મૂલ્યને તે સમજી ન શકી.
તેથી, મને એવું લાગે છે કે જ્યારે આપણને આ સમજ પ્રાપ્ત થઈ જાય છે
અને આપણે એક માતાના વાત્સલ્યપૂર્ણ વિશાળ હૃદયની
અને તેના "હું-મારાં-સંતાનો-માટે-બધું-જ-કરી-શકું-છું" એ મનોભાવની
પ્રશંસા કરવા લાગીએ છીએ,
ત્યારે આપણી નૈતિક ફરજ છે કે આપણે તેના ત્યાગને
અને પોતાનાં બાળકો માટેના તેના અટૂટ પ્રેમને ઉજાગર કરીએ.
આપણે લાભાર્થી છીએ આ અદ્‌ભુત ભેટના —
એક માતાના નિર્મલ અને શાશ્વત પ્રેમના.

એક માતાનો પ્રેમ...

માતાના પ્રેમની સુગંધ કેવી છે?
માતાના પ્રેમનો રંગ કેવો છે?
માતાના પ્રેમનો અવાજ કેવો છે?
માતાના પ્રેમનો સ્વાદ કેવો છે?
માતાના પ્રેમનો સ્પર્શ કેવો છે?

આ સંસારમાં દરેક વ્યક્તિ પ્રેમ શોધે છે
અને પ્રેમના ઘણા બધા પ્રકાર હોય છે,
તેમાંથી કેટલાકને પામી શકાય છે,
અને કેટલાક અપ્રાપ્ય લાગે છે.
પરંતુ જે પ્રેમનું અસ્તિત્વ આદિકાળથી છે,
તે કોઈની પકડમાં નથી આવતો.
ભગવાનનો પ્રેમ પ્રત્યેક હૃદયમાં પ્રતિષ્ઠાપિત છે,
તેમ છતાં, સાધકની આધ્યાત્મિક સાધના દ્વારા જ
આ પ્રેમનો અનુભવ કરી શકાય છે.

બીજી તરફ, માતાનો પ્રેમ દષ્ટિગોચર હોઈ શકે છે,
પરંતુ ઘણીવાર તેને સમજી શકાતો નથી.
પ્રેમનાં બધાં જ રૂપોમાં,
આ જ બે પ્રેમ છે જે દરેક ક્ષણે
અહેતુક હોય છે,
અત્યંત ક્ષમાશીલ હોય છે.

શું તમે ધ્યાન નથી આપ્યું કે જ્યારે એક સ્ત્રી પોતાના ગર્ભમાં શિશુને ધારણ કરે છે
ત્યારે તેના ચહેરા પર કેવી ચમક હોય છે?
તેની ચારેબાજુ એક અલૌકિક આભા હોય છે
અને જે આનંદને તે પ્રસરિત કરે છે
તે એ બધાંનાં હૃદયમાં અસાધારણ સૌંદર્ય જગાવી દે છે
જેમને તેનો ચમકતો પ્રકાશ સ્પર્શી જાય છે.

એ કહેવું મુશ્કેલ છે કે એક ભાવિ માતા
એ વિશે કેટલું જાણે છે કે પોતાનાં બાળકોની રક્ષા કરવા માટે
તેણે કદાચ ઘણી બધી મુશ્કેલીઓમાંથી પસાર થવું પડશે.
બની શકે કે કેટલીક હદ સુધી તે એ વાતથી અજાણ હોય
કે માતૃત્વના કર્તવ્યનો નિર્વાહ કરવાનો અર્થ શું છે.
પરંતુ તે નિર્ભય રહે છે.
માતૃત્વ સાથે જોડાયેલી જવાબદારીઓથી
જ્યારે તે વધુને વધુ પરિચિત થવા લાગે છે
ત્યારે પણ તે પીછેહઠ નથી કરતી.
આ દઢતા, સંકલ્પની આ મક્કમતા
તેને ખબર નહીં ક્યાંથી મળે છે?

માતૃદિવસ ઉત્સવના ઉપલક્ષ્યમાં,
આવો આપણે આ માતાઓને હાર્દિક ધન્યવાદ આપીએ,
જેઓ આ સંસારની મહાનતમ સ્વયંસેવિકાઓ છે,
જેઓ દરેક પેઢીને શિક્ષિત કરવા માટે
પોતાના અંતરમાંથી વિસ્મયકારી શક્તિનું અને ગહન પ્રજ્ઞાનનું
આવાહન કરે છે.

દરેક માતામાં એવા અનુપમ ગુણો હોય છે
જેના કારણે આ સંસાર જાગે છે અને પોતાનાં દૈનિક કાર્યોમાં પરોવાઈ જાય છે.
હે માતાઓ, હું તમને બધાંને મારી કૃતજ્ઞતા અર્પિત કરવા માગું છું
એ ગુણોનો ઉત્સવ મનાવીને
જેને મેં તમારી અંદર જોયા છે.
તમારા સદ્‌ગુણોની સૂચિ તો અંતહીન છે,
પરંતુ, અત્યાર માટે, હું આમાંથી બસ થોડા વિલક્ષણ ગુણો
પર કેન્દ્રણ કરવા માંગું છું.

હે માતાઓ, ધન્યવાદ તમને
તમારી મહાનતા અને તમારા મહિમા માટે,
તમારા અટલ સાહસ અને તમારાં સુખદાયી સ્મિત માટે,
સમાજની માંગો આગળ ઘૂંટણ ટેકવી દેવાની તમારી અનિચ્છા માટે
અને તમારા ઉત્તમ આંતરિક બળ માટે.
ધન્યવાદ તમને
તમારા સંતાનને માર્ગદર્શન આપવામાં તમારી નિરંતરતા માટે
અને જે રીતે તમે સાંત્વના આપો છો તેના માટે,
તમારાં બાળકોનાં જીવનનું ઉત્થાન કરવા હેતુ તમારા દઢ પ્રયત્નો માટે
અને તમારાં બાળકો પર ગર્વ કરવા માટે,
તમારી એ ચિરંતન ઇચ્છા માટે કે
તમારાં બાળકો અને તેમનાં બાળકો સુરક્ષિત અને સુખી રહે
અને તેઓ માતૃભૂમિની પ્રગતિમાં સહયોગ આપે.

ધન્યવાદ તમને

તમારાં બાળકો જે હોવા માંગે છે અને જે બનવા માંગે છે,
તેને સમર્થન આપવા માટે,
અને તેમનાં જીવનના ઉતાર-ચડાવ દરમ્યાન
તેમને ઉદારતાપૂર્વક સહાય કરવા માટે.
ભલે તમારાં બાળકો તમારું સન્માન કરે કે ન કરે,
તેઓ તમારી પડખે ઊભા રહે કે ન રહે,
તમે એક સાથે રહો કે ન રહો,
તમારું હૃદય સદૈવ તેમને આશીર્વાદ આપતું રહે છે.
તમે ફક્ત એક જ વાત જાણો છો,
અને તે છે તમારાં બાળકો પર અનહદ પ્રેમ વરસાવવો.

એ તમારું કરુણાશીલ હૃદય જ છે,
શાલીનતા અને પરોપકારિતાથી ભરેલું,
જે એક પ્રકાશદીપ છે —
માત્ર તમારાં પોતાનાં બાળકો માટે જ નહીં,
જેને તમે જન્મ આપ્યો છે અથવા જેને તમે દત્તક લીધાં છે,
પરંતુ એ બધાં માટે પણ જેઓ જાણી લે છે કે
તેઓ તમારા સાન્નિધ્યમાં શું અનુભવ કરી રહ્યાં છે.
હકીકતમાં એ યાદ રાખવાથી કે
તમે કોણ છો,
તમે શું કરો છો,
અને સમાજમાં તમારું કેટલું અમૂલ્ય સ્થાન છે,
સંપૂર્ણ માનવજાતિનું કલ્યાણ અને ઉત્થાન થાય છે.
હે માતાઓ, તમારું સન્માન કરવાનો અર્થ છે,
જીવનના ઉદ્ગમની અભિસ્વીકૃતિ કરવી
અને એ વાતની અભિસ્વીકૃતિ કરવી કે
કેવી રીતે યુગોયુગોથી આ જીવન પોષિત થઈ રહ્યું છે.

આખો સંસાર તમારા પ્રત્યે જે પ્રશંસાભાવ રાખે છે
તમારાં બાળકો જ્યારે તેને જુએ છે
તો તેઓ એ જ્ઞાન સાથે મોટાં થાય છે કે
તેમણે કોના પ્રત્યે આદરભાવ રાખવો જોઈએ.

ધ્યાન રાખો, હે માતાઓ,
આજે અને સર્વદા તમારું ધ્યાન રાખો.
તમે ચોક્કસ એ જાણો છો કે તે કેવી રીતે કરવું,
તેથી કોઈ સંકોચ વિના એ કરો.
જો માન્યતા અને પ્રેમભરી મૃદુલ સંભાળનું કોઈ હકદાર હોય —
તો એ તમે જ છો.

તમે સ્વર્ગથી આવેલા સાચા દેવદૂતો છો.
તમે ધરતીમાં છુપાયેલાં રત્નો છો.
તમારી પ્રતિભા, તમારી આભા, આ સંસારનો આધાર છે.

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.